THE WORLD FEDERATION
OF KHOJA SHIA ITHNA-ASHERI MUSLIM COMMUNITIES

**કોવીડ-૧૯ (કોરોના)ના બારામાં આયતુલ્લાહ સૈયદ અલી હુસૈની અલ સિસ્તાનીની ઓફીસથી આવેલા અમૂક વધુ સવાલોના જવાબો**
**૯ એપ્રીલ ૨૦૨૦**

શીઆ આલમના માનનીય મહાન મરજા,
મુખ્ય આયતુલ્લાહ સિસ્તાની (અલ્લાહ તેમની વયમાં વધારો કરે)

સલામુન અલય્કુમ

અમો માનપૂર્વક આપની ખિદમતમાં ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની વિલાદતની મુબારકબાદી પેશ કરીએ છીએ અને તમારી તંદુરસ્તી અને સલામતીની સાથે લાંબી ઝીંદગી માટે દોઆ કરીએ છીએ. તમોને નીચેની બાબતો માટે અમોને માર્ગદર્શન આપવા વિનંતી છેઃ

સવાલઃ
જ્યારે તબીબી નિષ્ણાંતોમાં કોરાના વાયરસ ચેપગ્રસ્ત મય્યતને ગુસ્લ, તયમ્મુમ અથવા કોઈપણ રીતે મય્યત સાથે સંપર્કમાં ન આવવાના બારાના મંતવ્યોમાં વિરોધાભાસ હોય તો મોઅમીનોની શું જવાબદારી છે?

(ઉપરોકત સવાલના અનુસંધાને)
અમૂક તબીબી ક્ષેત્રના નિષ્ણાંતો સાવચેતીપૂર્વક એવી રીત અપનાવવાની સલાહ આપે છે કે જેમાં ઓછામાં ઓછો સંપર્ક કરવામાં આવે કારણકે ઘણા એવા અજાણ પરિબળો છે જેના કારણે કોરાના વાયરસ એક મય્યતથી ફેલાય શકે છે. જ્યારે કે અમૂક બીજા નિષ્ણાંતો, ગુસ્લ આપવા માટે ગમે તેટલી હદે સંપર્ક કરવાની પરવાનગી આપે છે એ શર્તે કે મય્યતને ગુસ્લ આપનાર વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો (personal protective equipment (PPE) પહેરીને ગુસ્લ આપે. આ એટલા માટે છે કારણકે તેઓના મત મુજબ એ સાબીત નથી કે વાયરસ આ રીતે ફેલાય શકે છે. આવા વિરોધાભાસ મંતવ્યોને જોતા, શું મોઅમીનો માટે મય્યત તૈયાર કરવા માટેની રીતમાં વિકલ્પ છે અથવા તો બહેતર છે / જરૂરી છે કે સાવચેતીવાળા મંતવ્યને અનુસરે અથવા બીજો કોઈ રસ્તો છે?

અલ્લાહ મહાનના નામથી

જવાબઃ

અગર કોઈ (તબીબી નિષ્ણાંતોના સુચન પછી) તેને નુકશાન થવાનો ડર ન હોય અને ગુસ્લ આપવા માટે તૈયાર હોય તો તે વ્યકિતને ગુસ્લ આપવા માટે પરવાનગી આપવી જોઈએ. પરંતુ અગર કોઈ ઉપલબ્ધ ન હોય તો તયમ્મુમ આપવું જોઈએ. અને અગર કોઈ તયમ્મુમ દેવા માટે પણ તૈયાર ન હોય તો પછી તે મય્યતને ગુસ્લ કે તયમ્મુમ વગર દફનાવી દેવી જોઈએ.

સવાલઃ

શું ગુસ્લ, તયમ્મુમ કે બન્ને વગર મય્યતને તૈયાર કરવાની રીતનો નિર્ણય અને પસંદગી જમાતના શીરે રહેશે કે મય્યતના વલીના શીરે કે મય્યતને ગુસ્લ આપનારના શીરે?

જવાબઃ

અગર વલી ગુસ્લ આપી શકે (પોતે જ અથવા કોઈને પ્રતિનિધી બનાવે જેમકે જમાત) તો પછી તેને આ વાજીબ કાર્ય કરવાની પરવાનગી આપવી જોઈએ. અગર તે પોતે નથી કરી શકતો પરંતુ બીજુ કોઈ કરી શકે છે તો પછી બીજા એ તે અંજામ આપવું જોઈએ. જ્યાં સુધી કોઈ એવી વ્યક્તિ મૌજુદ હોય જે ડરતી ન હોય અને ગુસ્લ દેવા માટે તૈયાર હોય તેવા સંજોગોમાં તયમ્મુમ જાએઝ નથી.

સવાલઃ

ત્રીજી દુનિયામાં બીજી જગ્યાઓથી વધારે, ગરીબ કામદારો છુપી રીતે કોરોના વાયરસને બુઝુર્ગોમાં ફેલાવી શકે છે, તબીબો એ સલાહ આપી છે કે કોરાના વાયરસ ચેપગ્રસ્ત મય્યતને ગુસ્લ કે તયમ્મુમ ન દેવામાં આવે. અત્યારે જ્યારે ટેસ્ટ ઉપકરણો, જંતુનાશક, એવી જગ્યા જ્યાં કોરોનાવાયરસ ચેપગ્રસ્ત મય્યતને ગુસ્લ દઈ શકાય અને ગુસ્લ આપનાર માટે વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો (personal protective equipment (PPE) ની કમી છે ત્યારે આવી પરિસ્થિતિમાં શું એ પરવાનગી છે કે કોરોના વાયરસ કેસો (પુષ્ટિ થયેલ અને શંકાસ્પદ)ને ગુસ્લ અને તયમ્મુમ વગર દફનાવવામાં આવે જેથી ૧% પણ ચેપ લાગવાનો જોખમ ટાળી શકાય?

જવાબઃ

મુસલમાન મય્યતને ગુસ્લ દેવુ અને અગર ગુસ્લ શકય ન હોય તો તયમ્મુમ દેવું વલીની પ્રારંભીક જવાબદારીમાંથી છે. અગર વલી ઉપલબ્ધ ન હોય અથવા અંજામ ન આપી શકે તો બીજાઓ ઉપર આ જવાબદારી સામૂહિક રીતે વાજીબ થશે (વાજીબે કીફાઈ).

અગર તબીબની સલાહથી વલીને નુકશાન થવાનો ડર હોય તો તેમના ઉપર કોઈ બાબત જવાબદારી નથી. અગર બીજાઓ પણ ભયભીત હોય તો તેઓ પણ જવાબદારીથી મૂકત છે. તેમ છતાં અગર કોઈ એવું હોય જે ભયભીત નથી તો પછી તેણે આ ઈલાહી જવાબદારી અંજામ આપવી જોઈએ.

સવાલઃ
અગર ગુસ્લ-કફન કમીટી સાવચેતીનો રસ્તો અપનાવે અને કોરોના વાયરસ ચેપગ્રસ્ત મય્યતને ફકત તયમ્મુમ દેવાની પરવાનગી આપે, અને અગર તેઓ તયમ્મુમની પણ પરવાનગી ન આપે ત્યારે તેવા મોઅમીનની શું ફરજ છે જેને યકીન છે કે વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો (personal protective equipment (PPE) પહેરીને ગુસ્લ અથવા તયમ્મુમ દેવામાં કોઈ નુકશાન નથી?

જવાબઃ
અગર તે બીજી કોઈ જગ્યાએ મય્યતને ગુસ્લ આપી શકે અથવા અગર ગુસ્લ શકય ન હોય તો કમ સે કમ તયમ્મુમ આપે તો પછી તે જવાબદારીમાંથી મૂકત નહિ થાય અને તેણે બીજી જગ્યાએ મય્યતને ગુસ્લ / તયમ્મુમ દેવું જોઈએ.

સવાલઃ
અગર આરોગ્ય અધિકારીઓ કોરાના વાયરસ ચેપગ્રસ્ત મય્યતને ગુસ્લ અથવા તયમ્મુમની પરવાનગી ન આપે સિવાય કે શરીર પરની ઢંકાએલ થેલી ઉપર દેવાની, શું આવી થેલી ઉપર ગુસ્લ અથવા તયમ્મુમ દેવું સહીહ ગણાશે અથવા શું ગુસ્લ / તયમ્મુમની દેવાની જવાબદારી નીકળી જશે?

જવાબઃ
ગુસ્લ આપવાની જવાબદારીથી મૂક્તિ નહિ મળે, પરંતુ અગર શકય હોય તો મય્યતના ચહેરા અને બન્ને હાથો ઉપર તયમ્મુમ આપવું જોઈએ વરના મય્યત પરની થેલી[1] ઉપર તયમ્મુમ આપવું જોઈએ.

---

[1] આયતુલ્લાહની નજફ ઓફીસના છેલ્લા જવાબમાં છે કે અગર કોઈ શખ્સ હાથમોજા પહેરીને મય્યતને તયમ્મુમ આપે જે પાતળી પ્લાસ્ટીકની થેલીથી ઢંકાયેલ છે તો તે તયમ્મુમ સહીહ છે. અલબત્ત, મય્યત પર જાડી થેલી ઢંકાયેલ હોય જેના કારણે મય્યતના તયમ્મુમના અવયવોને પારખી શકાય તો તેવા સંજોગોમાં તયમ્મુમ બાતીલ થઈ જશે.

સવાલઃ

અગર આરોગ્ય સાવચેતીના કારણે એ શકય ન હોય કે થેલીમાં રખાયેલ કોરાના વાયરસ ચેપગ્રસ્ત મય્યતના સાતેય ભાગો ઉપર કપુર લગાડી શકાય તો શું પરવાનગી છે કે ફકત તયમ્મુમના ભાગો ઉપર જ કપુર લગાડવામાં આવે (કપાળ, બન્ને હાથોની હથેળીઓ) અને બન્ને ગોઠણો અને અંગુઠાને છોડી દેવામાં આવે?

જવાબઃ

હા. પરવાનગી છે.

સવાલઃ

મય્યતના જમાત સાથેની નમાઝે જનાઝામાં અગર આરોગ્ય સાવચેતી રાખવાના સુચન મુજબ મય્યત અને ઈમામ વચ્ચે તથા નમાઝીઓ વચ્ચે ૨ મીટરનું અંતર હોય તો શું આ અંતરથી જમાત નમાઝ બાતીલ થઈ જશે?

જવાબઃ

તેમાં કોઈ હરજ નથી.

સવાલઃ

મય્યતની નમાઝે જનાઝાના અનુસંધાને અમૂક નમાઝીઓ દરમ્યાન અંતર રાખવું પડે તો પછી મય્યતથી કેટલુ દૂર ઉભુ રહી શકાય જેથી તેઓ ફુરાદા નમાઝની નિય્યત કરી શકે?

જવાબઃ

ફુરાદા નમાઝ પડતા લોકો એ મય્યતથી એટલુ દૂર ઉભુ ન રહેવું જોઈએ કે એમ કહી શકાય કે ‘નઝદીક ઉભા નથી’.[2]

---

[2] નીચે નમાઝે મય્યતના અમૂક વધારાના નિયમો છે જે આયતુલ્લાહે તેમની તવઝીહુલ મસાએલમાં બયાન કર્યા છેઃ ૧) નમાઝે મય્યત કફન આપ્યા બાદ અને દફન કર્યા પહેલા પડવી જોઈએ.

૨) અગર કોઈ કારણસર નમાઝે મય્યત દફનાવવા પહેલા પડી શકાણી ન હોય તો તે દફનાવ્યા બાદ કબ્રની નઝદીક રજાએ (અલ્લાહની ખુશ્નુદીના ઈરાદાથી)ની નિય્યતથી પડી શકાશે એ પહેલા કે મય્યત ખરાબ થઈ જાય. આવી પરિસ્થિતિમાં આ નમાઝ માટે જરૂરી શર્તો છે કે નમાઝ કીબ્લા રૂખ અદા કરે.

સવાલઃ
જ્યારે જાહેર સ્થળો ઉપર સરકારી પાબંદી લાદવામાં આવી હોય, લોકો સામાન્ય વસ્તુઓ ખરીદી કરી સંગ્રહ કરે છે. તો પછી કેટલા પ્રમાણમાં કઈ વસ્તુઓ કેટલા સમય પુરતી ખરીદી કરીને સંગ્રહ કરી શકાય અને કયારે ગેરકાયદેસર સંગ્રહખોરી માટે દોષી માનવામાં આવશે.

જવાબઃ
ઉપર જે બયાન થયુ છે તે ગેરકાયદેસર સંગ્રહખોરી માનવામાં નથી આવતું.

સવાલઃ
અમૂક આલીમો અઈમ્મા (અ.મુ.સ.)ની હદીસોના આધારે અમૂક પ્રકારની સારવાર બયાન કરે છે જેના દ્વારા કોરોના વાયરસથી બચી શકાય અને જે મુબ્તેલા થઈ ચૂકયા છે તેઓ સાજા થઈ જાય. આ બાબતે મોઅમીનોની શું જવાબદારી છે?

જવાબઃ
મોઅમીનોની જવાબદારી છે કે આરોગ્ય માર્ગદર્શિકાને અનુસરે જે તબીબી નિષ્ણાંતો દ્વારા જારી કરવામાં આવી હોય અને સારવાર માટે તેઓનો સંપર્ક કરે. વધુમાં, મોઅમીનોએ આ બલાના દફે થવા અને તેમાં મુબ્તેલા થએલાઓની શફા માટે દોઆઓ પડવાનું અને અલ્લાહની બારગાહમાં તેના પાકો પાકીઝા અવલીયા (અ.મુ.સ.)ના હક્ક વડે તવસ્સુલ કરવાનું ન ભુલવું જોઈએ.

વસ્સલામો અલય્કુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહ.

(આયતુલ્લાહની નજફ ઓફીસના સહી અને સીક્કો)

૨૦ શાઅબાન ૧૪૪૧ (૧૪ એપ્રીલ ૨૦૨૦)